



## ૨૧ નવદંપતિઓએ બેટી વધાવવાના શપથ સાથે પ્રભુતામાં પગલાં પાડયા

વિજાપુર તાલુકાના માણેકપુરા પાટીયાં ખાતે આવેલ શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ નો ૨૬મો સમુહ લગ્નોત્સવ અને સમુહ ઉપનયન સંસ્કાર પણ યોજાયો હતો .જેમાં ૪૫ બટુકોએ જનોઈ ધારણ કરી હતી અને સમુહ લગ્નોત્સવ માં ૨૧ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડયા હતાં. કડા પાસે આવેલ ૨૨ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ સંકુલ ખાતે તા.૧૨.૨.૨૦૧૭ ને રવિવાર ના રોજ શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ શિવશક્તિ સેવા મંડળ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા આયોજિત જ્ઞાતિ વિવાહ ૨૬મો સમુહ લગ્નોત્સવ યોજાયો હતો . જેમાં સમુહ લગ્નોત્સવ માં ૨૧ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડવા સાથે દીકરી નો ગર્ભપાત નહી કરાવવાનાં શપથ લીધાં હતા. આ ઉપરાંત સમુહ યજ્ઞોપવિત ઉપનયન સંસ્કાર નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫ બટુકોએ જનોઈ ધારણ કરી હતી આ સમુહ લગ્નોત્સવ અને યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમ ના ભોજનના દાંતા રાવલ સંજય કુમાર છોટાલાલ, મંડપના દાંતા રાવલ વેણીરામ રણછોડ રામ પરિવાર તથા રાવલ ગોંવિદરણછોડરામ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું સમાજ ના પ્રમુખ સંજયભાઈ એમ. રાવલ, શિવશક્તિ સેવા મંડળ મુંબઈ ના ચેરમેન સુરેશ ભાઇ રાવલ, મંત્રી હિતેન્દ્રભાઇ રાવલ, વાઈસચેરમેન ગુણવંત ભાઇ તેમજ શિવશક્તિ મંડળ ના ટ્રસ્ટીઓ કો.ટ્રસ્ટીઓ અને બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના પદાધિકારીઓ અને કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા. જયારે કડા ખાતે રહેતાં પટેલ સમાજના ભાઈઓએ પણ સાથ સહકાર આપ્યો હતો અને ૨૬મો સમુહ લગ્નોત્સવ સફળ રહ્યો હતો અને રાવલ સમાજ ના દશ હજાર થી પણ વધુ લોકો સમુહ લગ્નોત્સવ માં ઉપસ્થિત રહ્યા હતાં.

# અરવલ્લી જિલ્લામાં વેલેન્ટાઈન ડે ની પૂર્વસંધ્યાએ ગીફ્ટશૉપ ખાલીખમ

અરવલ્લી, તા. ૧૩

સમગ્ર વિશ્વમાં ૧૪મી ફેબ્રુઆરીએ વેલેન્ટાઈન ડે મનાવવામાં આવે છે. યવા હૈયાઓ માટે પ્રેમની અભિવ્યક્તિ કરવાનુ પર્વ એટલે વેલેન્ટાઈન ડે પશ્ચિમ સંસ્કૃતિના રંગે રંગાઈ ગયેલા અરવલ્લી-સાબરકાંઠા જિલ્લા સહિત મોડાસા શહેરના યુવા હૈયાઓ આજે ગિફ્ટ, ચોકલેટ, વેલેન્ટાઈન કાર્ડ, ગુલાબ દ્વારા તેમના પ્રેમની અભિવ્યક્તિ કરવા થનગની રહ્યા છે. આધુનિક યુગમાં યુવાવર્ગ દ્વારા વેલેન્ટાઈન ડે મનાવવા ખાસ એક દિવસીય ટૂર્સની સફરે ઉપડી જશે. મોડાસા શહેરમાં ગીફ્ટ શોપના માલીકોને નોટબંધી અને હિન્દુ સંસ્કૃતિના સોશ્યલ મીડીયામાં ફરતા થયેલા મેસેજોથી ભારે મંદી જોવા મળી હોવાનું એકરાર કર્યો હતો.

મોડાસા અને હિંમતનગર સહિત જિલ્લાભરની ગીફ્ટ સોપ બજારમાં રૂ. ૨૦થી ૧૦૦૦ સુધીના અદ્યતન ડેકોરેટ્સ બેસ્ટ વિશેષ-પ્રપોઝ કાર્ડ, ટેડીબીયર, આર્ટીકલ વસ્તુઓ સહિતની ગીફ્ટ આઈટમો યુવા હૈયાઓ એક-બીજાને પ્રેમની અભિવ્યક્તિ સ્વરૂપે ગીફ્ટ આપશે. યુવા હૈયાઓમાં હોટ ફેવરીટ હાર્ટ આકારની પીલ્લોથી લઈ હાર્ટ શેપની





જ્વેલરીઓમાં જોઈન્ટ પેન્ડલ, લેડી રીંગ વેલેન્ટાઈના અગાઉના દિવસોમાં યુવા વર્ગ ભારે માત્રામાં ખરીદી કરતા નજરે ચડતા હતા. વોટ્સઅપ અને ફેસબુક મેસેજના પગલે યુવાઓ ઈન્ટરનેટ ચેટીંગ માધ્યમથી દિન પ્રતિદિન આવતા ખાસ ફેસ્ટીવલોનું ઓનલાઈન મેસેજીસ મારફત વીશ કરવામાં આવતા હવે એકબીજાની લાગણી દર્શાવતા કાર્ડનું ચલણ ઓછુ થયુ હોવાનું ગીફ્ટ શોપના માલીકો દ્વારા જણાવાવમાં આવ્યુ હતુ.

## ગાર્ડન, શેરી-ગલી, કોલેજ બહાર યુવા હૈયાઓ ગીફ્ટ સાથે ઉમટી પડશે

વેલેન્ટાઈન ડે ના દિવસે પ્રિય પાત્રને મળવા માટે અને ગમતી વ્યક્તિને પોતાની અંદરની લાગણીઓ વ્યક્ત કરવા માટે યુવાધન ગીફ્ટ સોગાદો, ચોકલેટ આપવા માટે કેટલીક જગ્યાએ નક્કી કરવામાં આવતા સ્થળે મીલન મુલાકાતનો સમય ગોઠવવામાં વેલેન્ટાઈન ડે ના ઉગાઉથી યુવાઓએ પ્લાનીંગ નક્કી કરી દીધુ છે. જેમાં ગાર્ડન તો ક્યાંક છુપા પ્રેમ માટે શેરી ગલીઓમાં અને કોલેજીયનો કોલેજની બહાર અને પર્યટન સ્થળે યુવાઓ તેમના પ્રિયજનો સાથે વેલેન્ટાઈન ડે ની ઉજવણી કરતા જોવા મળી રહે તો નવાઈ નહીં.

## સાધ્વી છેતરપિંડી કેસનો સહ આરોપી ૨ દિવસના રિમાન્ડ પર

સાધ્વી છેતરપિંડી કેસના સહ આરોપી ચિરાગ રાવલની ટ્રાન્સફર વોરન્ટને આધારે પાલનપુર પૂર્વ પોલીસે ગતરોજ ધરપકડ કરી હતી. વ્યાજખોરી અને ધાકધમકીના ગુનામા ચિરાગ રાવલની ધરપકડ કર્યા બાદ આજે ચિરાગ રાવલને કોર્ટ સમક્ષ રજૂ કરી પોલીસે ૧૦ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જોકે, કોર્ટે ૨ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હોવાના અહેવાલ સાંપડ્યા હતા.



છેતરપિંડી કેસમાં સાધ્વીના સહ આરોપી ચિરાગ રાવલને કોર્ટ માં રજૂ કરાયો હતો. વ્યાજખોરી અને ધકધામકીના ગુનામાં ચિરાગ રાવલના પોલીસે ૧૦ દિવસના રિમાન્ડ માંગ્યા હતા. જોકે, કોર્ટે ૨ દિવસ ના રિમાન્ડ મંજુર કર્યા હતા. ત્યારે રિમાન્ડ દરમિયાન સાધ્વી પાસેથી સત્ય ઓકાવવામાં નાકામ પોલીસ સહ આરોપી ચિરાગ રાવલના રિમાન્ડ દરમિયાન કેટલું સત્ય ઓકાવી શકે છે તે જોવું રહ્યું.

## અરવલ્લી જિલ્લા મહિલા કોંગ્રેસ દ્વારા નલિયા દુષ્કર્મના વિરોધમાં દેખાવો

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેર ખાતે સોમવારે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમીતી અને મહિલા કોંગ્રેસી કાર્યકરો સહિત યુવા પાંખે કચ્છના નલીયામાં બનેલ સામુહિક દુષ્કર્મ ઘટનાના



વિરોધમાં પીડીત યુવતિને ન્યાય અપાવવા અને ભાજપાના સત્તાધીશોને સજા કરવા કલેક્ટર કચેરીએ મોટી સંખ્યામાં ધસી જઈ સંડોવાયેલા આરોપીઓ વિરૂદ્ધ સખ્તાઈના પગલા ભરવા તેમજ સીટનું ગઠન કરી નિષ્પક્ષ તપાસ કરવા સંદર્ભનું જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલને આવેદનપત્ર આપ્યુ હતુ.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમીતીના પ્રમુખ કમલેન્દ્રસીંહ રહેવર ગુજરાત પ્રદેશમંત્રી જયદત્તસીંહ પુવાર, જિલ્લા પંચાયત સામાજીક ન્યાય સમીતીના ચેરમેન રેવાભાઈ ભાંભી, મોડાસા શહેર પ્રમુખ ઈકબાલ ઈપ્રોલીયા, મોડાસા નગરપાલિકાના કોર્પોરેટર કલાબેન ભાવસાર, માયનોરીટી સેલના કાદરઅલી સૈયદ, મહિલા કોંગ્રેસ પ્રમુખ અરવલ્લી જિલ્લાના સુમિત્રાબેન, કુંવરબેન પ્રણામી, જ્યોત્સનાબેન પરમાર સહિતના કાર્યકરોએ સોમવારે જિલ્લા કલેક્ટર કચેરીએ જઈ ગુજરાત રાજ્યમાં અને સમગ્ર દેશમાં ચકચાર મચાવનાર નલિયા દુષ્કર્મની ઘટનાના પગલે હાહાકાર મચી ગયો છે. તદ્ઉપરાંત નલિયા દુષ્કર્મમાં સંડોવાયેલા ભાજપાના હોદ્દેદારો અને તેમની સાથે સંડોવાયેલા લોકોના નામ ખૂલતા રાજ્યમાં છેલ્લા બે દાયકાથી સત્તામાં રહેલા ભાજપા સરકારમાં ભાજપાના હોદ્દેદારો બેફામ બન્યા હોવાની લાગણી સાથે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા ઘોર અંધકાર દિશામાં ધકેલાઈ ગયો હોવાનો રોષ ઠાલવી જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલને નલીયા ખાતે બનેલી સામુહિક દુષ્કર્મની ઘટનાના વિરોધમાં આવેદનપત્ર આપ્યુ હતુ. જિલ્લા કોંગ્રેસ સમીતીના અગ્રણીઓ અને મહિલા કોંગ્રેસી કાર્યકરોએ મોટી સંખ્યામાં ઉમટી પડી આવેદનપત્રમાં દુષ્કર્મ કરનાર તમામ આરોપીઓને પકડી તેમની વિરૂદ્ધ સખ્ત કાર્યવાહી સાથે ન્યાયાલય દ્વારા સીટનું ગઠન કરી નિષ્પક્ષ તપાસની માગણી કરી હતી.

## પ્રાંતિજ ખાતે જાયન્ટ્સ ગૃપના પ્રમુખનો શપથવિધિ સમારોહ

પ્રાંતિજતા.તા, ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી દશામા હોલ ખાતે જાયન્ટ્સ ગૃપ ઓફ પ્રાંતિજ ના નવાવરાયેલા પ્રમુખ નો શપથવિધિ સમારોહ યોજાયો.

પ્રાંતિજ ખાતે તા.૧૨-૨-૨૦૧૭ ને રવિવારના રોજ સાજે પ્રાંતિજ ખાતે સેવાભાવી સંસ્થા તરીકે કાર્યરત જાયન્ટ્સ ગૃપ ઓફ પ્રાંતિજના નવા પ્રમુખ નો શપથવિધિ સમારોહ યોજાયો હતો જેમાં આવનાર મહેમાનો દ્વારા દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો જયારે જાયન્ટ્સ પ્રાર્થના બાદ આવનારા મહેમાનોનું ફુલ છડી આપી સ્વાગત કરવામાં આવ્યું હતું જયારે શપથવિધિ સમારંભમાં જાયન્ટ્સગૃપ ઓફ પ્રાંતિજના સભ્યોએ પણ શપથ લીધાહતાં જયારે જાયન્ટ્સ ગૃપઓફ પ્રાંતિજના પ્રમુખ તરીકે મિતેશભાઈ પટેલે નવા પ્રમુખ તરીકે શપથ લીધાં હતાં જયારે એવોર્ડ વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આપ્રસંગે



પ્રાંતિજ નગર પાલિકા પ્રમુખ નિરવભાઈપરીખ, પ્રાંતિજ જાયન્ટ્સ સ્થાપક ડૉએન.કે.ડેરિયા, જાયન્ટસ પ્રમુખ રાજેશભાઈ ટેકવાણી, વજેશભાઈ, સમીરભાઈ શર્મા વગેરે પ્રાંતિજ તથા તાલુકામાંથી આમંત્રિત મહેમાનો સહિત જાયન્ટ્સ સભ્યો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન હરેશભાઈ દરજી દ્વારા કરવામાં આવ્યું હતું.

## મેઘરજ તાલુકાના રમાડ ગામે પાણી બચાવો પર પરિસંવાદ યોજાયો

મેઘરજ, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના અંતરાળિય વિસ્તારના રમાડ ગામે પાણી બચાવો અને ખેડૂતોના પ્રશ્નોના મુદા પર પરિસંવાદ યોજાઈ ગયો. જેમાં ગુજરાત રાજ્યના ખેડૂત સમાજના મંત્રી સાગરભાઈ રબારી સંવેદના સેવા ટ્રસ્ટના પ્રમુખ હસમુખભાઈ પટેલ, સજીવ ખેતી મંડળના પ્રમુખ વિમળાબેન ક્લાસવા હાજર રહ્યા હતા.

આ પરિસંવાદનાં મુખ્યત્વે પાણી બચાવવાના મુદ્દા પર વિસ્તૃત ચર્ચા કરી આ છેવાડાનું વહેતુ પાણી કઈ રીતે જમીનમાં ઉતારી લાબા સમય સુધી ઉપયોગમાં લઈ શકાય તે માટે ચર્ચા કરી રાજસ્થાનમાંથી નીકળી ગુજરાતમાં પ્રવેશતી વાત્રક નદી મોટીપંડુલી છીકારી, રમાડમાં નદી પર ચેકડેમો બાંધીને પાણી રોકી નદીને સજીવન રાખવી તેવી ચર્ચા કરવામાં આવી હતી. આગામી સમયમાં પાણી બચાવો - પાણી શોધો યાત્રા નિલકંઠ મહાદેવ ઢેકવા સુધી કાઢવી તેવી નરેશ ડામોર દ્વારા માહિતી આપવામાં આવી છે.

વધુમાં આ વિસ્તારમાં વન ઔષધીઓનું એકત્રિકરણ કરવા માટે વન પેદાશ એકત્રિકરણ મંડળીઓની રચના કરી ટીમરુ પત્તા, ગુંદ, ઔષધિઓનું એકત્રિકરણ કરવામાં આવનાર છે. જેમનું લઘુત્તમ વેતન ધારા મુજબ ચુંકવણું થાય તે દિશામાં પ્રયત્ન કરવામાં આવનાર છે.

આવનાર સમયમાં આ વિસ્તારમાં સજીવ ખેતી થાય અને જૈવિક ખાતરથી જ અનાજ શાકભાજી કઠોળ પેદા થાય તેનું અલગ માર્કેટ બનાવી ભાવ આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવામાં આવે.

## હિમતનગરમાં તાલુકા કોંગ્રેસ દ્વારા જનવેદના સંમેલન યોજાયું

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે સોમવારે તાલુકા કોંગ્રેસ દ્વારા જન વેદના સંમેલન યોજાયુ હતુ જેમાં તાલુકા પંચાયત ખાતેથી બાઈક રેલી સ્વરૂપે શહેરના માર્ગો પર ફરી ટાવર ચોક



ખાતે સભા માં ફેરવાઈ હતી

હિંમતનગર ખાતે સોમવારે તાલુકા કોંગ્રેસ દ્વારા જન વેદના સંમેલન યોજવામાં આવ્યુ હતુ.આ જન વેદના સંમેલનમાં સવારે તાલુકા પંચાયત કચેરી આગળથી બાઈક રેલી યોજાઈ હતી જે રેલી શહેરના મધ્ય ભાગમાં ફરીને ટાવર ચોક ખાતે આવી પહોચી હતી. ત્યાર બાદ ટાવર ચોક ખાતે જન વેદના સંમેલન યોજાયુ હતુ. જેમાં મોટી સંખ્યામાં તાલુકાના કોંગ્રેસના કાર્યકર્રો ઉપસ્થિત રહ્યા હતા.નોટબંધી બાદ લોકોને પડતી મુશ્કેલીઓ, મોંઘવારી અને મહિલાઓ પર થતા અત્યાચાર જેવા મુદાઓને લઈને આ જન વેદના સંમેલન યોજાયુ હતુ જેમાં કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી (પ્રવક્તા) નીશીથ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે ભાજપ અને નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા હતા.તો મોહમ્મદ તગલગ જેવા તગલગી નિર્ણયો લઈને આમ આદમીને જે હેરાન ગતિ થઈ છે તે વેદનાને વાચા આપવા માટે અને તે જે ઉત્સવો ઉજવી રહ્યા છે તેની સાચી ઓળખ પ્રજા જાણી ગઈ છે અને તેની માહિતી ગામથી ઘર સુધી પહોચાડવા આ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે અને લોકોને પ્રતિસાદ પણ સારો મળી રહ્યો છે હવે કોંગ્રેસનુ નવ સર્જન થશે તેવુ પણ જણાવ્યુ હતુ. આ અંગે કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી (પ્રવક્તા) નિશીથ વ્યાસે જણાવ્યું હતું કે જન વેદનાનો કાર્યક્રમ ગુજરાતના તમમ વિધાનસભા વિસ્તારમાં કરવા આવી રહ્યો છે મોહમ્મદ તગલગ જેવા તગલગી નિર્ણયો લઈને આમ આદમીને જે હેરાન ગતી થઈ છે તે વેદનાને વાચા આપવા માટે અને તે જે ઉત્સવો ઉજવી રહ્યા છે તેની સાચી ઓળખ પ્રજા જાણી ગઈ છે અને તેની માહિતી ગામથી ઘર સુધી પહોચાડવા આ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે.આ જન વેદના સંમેલનમાં કોંગ્રેસ પ્રદેશના ભાર્ગવ પરીખ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ગોપાલસિંહ રાઠોડ,મહિલા પ્રમુખ નિર્મલાબેન પંચાલ,જીલ્લા યુવા પ્રમુખ પ્રિયવદન પટેલ,હિમતનગર તાલુકા કોંગ્રેસ પ્રમુખ રણજીતસિંહ સોલંકી,તાલુકા પંચાયત પ્રમુખ ઈમરાન ઠાકોર સહીત મોટી સંખ્યામાં કાર્યકરો અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ભાન્ડુ ખાતે યોજાયો મેગાજોબ ફેર

## મેગાજોબ ફેરમાં ૭૩ નોકરીદાતા સહિત પાંચ હજારથી વધુ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા

મહેસાણા, તા.૧૨

મહેસાણા જિલ્લામાં ભાન્ડુ ખાતે મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાનો સંયુક્ત જોબફેર મેળાનું આયોજન શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું, આ મેગાજોબ ફેરમાં રાજ્યની ૭૩ જેટલી વિવિધ કંપનીઓ તેમજ સંસ્થાઓ નોકરીદાતા તરીકે ભાગ લીધો હતો. આ કંપનીઓમાં મેન્યુફેકચરીંગ, ટેક્ષટાઈલ, એન્જીનીયરીંગ, પાવર, સર્વિસ સેકટર, મેનેજમેન્ટ, સીક્યુરીટી, ટેલીકોમ્યુનિકેશન અને સ્કીલ્ડ ડેવલપમેન્ટ સહિતની સંસ્થાઓ ભાગ લીધો. મેગા જોબફેરમાં વિધાર્થીઓ માટે કેટગરી વાઇઝ એ થી ટી સુધી રજિસ્ટ્રેશન કાઉન્ટર રાખવામાં આવ્યા હતા.મેગાજોબફેરમાં ભાગ લેવા માટે ૧૬ હજારથી પણ વધુ ઉમેદવારોને જાણ કરાઈ હતી.



મહેસાણાના ભાન્ડુ ખાતે આયોજીત મેગાજોબ ફેરમાં ઉપસ્થિત રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે સમગ્ર રાજ્યમાં નવયુવાનોને રોજગારી મળી રહે તે દિશામાં રાજ્ય સરકાર સનિષ્ઠ પ્રયાસ કરી રહી છે.રાજ્ય સરકારે કુશળ માનવબળ ઉભુ થાય તે માટે ૨૫૦ તાલુકાઓમાં ૨૮૫ સરકારી તાલીમ સંસ્થાઓ અને ૭૦૦થી વધુ ખાનગી સહિત અર્ધસરકારી સંસ્થાઓ તાલીમ આપી રહી છે.સમગ્ર દેશમાં ગુજરાત આ પ્રકારના પ્રયત્નોથી છેલ્લા તેર વર્ષથી રોજગારી આપવામાંપ્રથમ નંબરે રહ્યુંછે.

મંત્રી દિલીપકુમાર ઠાકોરે વધુમાં જણાવ્યું હતું કે દેશમાં કુલ મળેલ ૩,૩૮,૫૦૦ની રોજગારી સામે ૨,૯૦,૮૦૦ રોજગારી આપીને દેશમાં ૮૬ ટકા રોજગારી આપીને પ્રથમ રહ્યું છે.જોબફરેના આ નવતર અભિગમના પ્રોત્સાહજનક પરિણામો મળી રહ્યા છે.તાજેતરમા યોજાયેલ મેગા જોબફેરમાં સુરતમાં ૧૫ હજાર અને અમદાવાદમાં ૧૬ હજારને રોજગારી આપવમાં આવી છે.

## વડગામના મુક્તેશ્વર મઠનાં તમામ સદસ્યો સામે ફોજદારી કેસ થવાની સંભાવના

પાલનપુર, તા.૧૩

વડગામ મુક્તેશ્વર મઠનો રાજ્ય સરકારે વહિવટ સંભાળ્યા બાદ આજે બનાસકાંઠા ચેરિટી કમિશ્નર દ્વારા પંચનામા સહિતની વિગતો રાજ્ય સોંપાઈ છે જેમાં જૂના રેકર્ડ જોતાં મુક્તેશ્વર મઠનો કોઈ જગ્યાએ ઉલ્લેખ નથી કરાયો તેમજ મુક્તેશ્વરના નામે બે ટ્રસ્ટો નોંધાયેલા છે.

જેમાં આજદિન સુધી કોઈ ખાસ હિસાબ રજુ ન કરાતા ટ્રસ્ટ ના સદસ્યો ને શોકેસ નોટિસ ફટકારાઈ છે તેમજ જરૂર પડે આગામી સમય માં વડગામના મુક્તેશ્વર મઠનાં તમામ સદસ્યો ફોજદારી કેસ પણ દાખલ થઈ શકે છે બીજી તરફ મુક્તેશ્વર ટ્રસ્ટની મિલકતો, જમીનો સહિતનું પંચનામું કરવા આદેશ થતાં બનાસકાંઠા જિલ્લા ચેરીટી કમિશ્નર દ્વારા ૩ દિવસ ની કામગીરી બાદ ૭૦ એકર જમીન સહીત ૨૦ હજાર થી વધુ ની રોકડ કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે બનાસકાંઠા મદદનીશ ચેરિટી કમિશ્નર એન. સી. પાટડીયાએ જણાવ્યું કે, સરકારી રેકર્ડમાં મુક્તેશ્વરનો મઠ તરીકે કોઈ જગ્યાએ ઉલ્લેખ કરાયો નથી.

પંચનામા દરમિયાન મુક્તેશ્વર મહાદેવ ટ્રસ્ટ અને મુક્તેશ્વર ગૌજીવદયા ચેરિટેબલ ટ્રસ્ટના નામે રજીસ્ટ્રેશન થયેલું છે. દરમિયાન ત્રણ દિવસની પંચનામાની કામગીરી પૂર્ણ કરી તમામ અહેવાલ રાજ્ય સરકારને મોકલી આપ્યો છે.તેમજ આગામી કાર્યવાહી ઉપરી અધિકારીઓ ના આદેશ બાદ આગળની કાર્યવાહી કરાશે.